# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 29/08/2026** **Morning: 7.10 to 7.20**
**Day: SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **નેપાળમાં વિનાશક પૂરમાં રાજ્યના ગુમ થયેલા લોકોને શોધવા રાજ્ય સરકારની યુધ્ધના ધોરણે કામગીરી.**
2. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત "મન કી બાત" કાર્યક્રમમાં લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે.**
3. **સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે ભાવનગરમાં લઠ્ઠાકાંડના કેસમાં દિલ્હીથી ત્રણ આરોપીની ધરપકડ કરી.**
4. **રાષ્ટ્રીય પરીક્ષા એજન્સીએ UGC નેટના 84 વિષયોના પરિણામો જાહેર કર્યા.**
5. **આજે રાષ્ટ્રીય રમત દિવસની ઉજવણી કરાશે - રાજ્યના 17 ઉભરતા અને પ્રતિભાશાળી ખેલાડીઓનું રાજ્યપાલના હસ્તે સન્માન કરાશે.**

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# NEPAL – MISSING

**નેપાળ-તિબેટ સરહદ પર વિનાશક પૂર બાદ અત્યાર સુધી રાજ્યના 24 લોકો ગુમ થયા છે. રાજ્ય સરકાર દ્વારા ગુમ થયેલા લોકોને શોધવા યુધ્ધના ધોરણે કામગીરી ચાલી રહી છે. સરકાર ગુમ થયેલા લોકોના પરિવાર સાથે સતત સંપર્કમાં છે. અમેરિકામાં સ્થાયી થયેલા મૂળ દહેગામના એક જ પરિવારના સભ્યો ગુમ થયાના અહેવાલ છે. ગુમ થયેલા પરિવારના સગા કૌશિક અમીને આ મુજબ પ્રતિક્રિયા આપી.**

**(બાઇટ – કૌશિક અમિન )**

*(ગુજરાત ગવર્નમેન્ટે જે ટોલ ફ્રી નંબર ૧૦૭૭ જારી કર્યો છે, તેના પર આ માહિતી શેર કરી દેવામાં આવી છે.ગાંધીનગર કલેક્ટરની ઓરથી પણ અમારો સંપર્ક કરવામાં આવ્યો.ત્યારબાદ જે પણ ઇન્ફોર્મેશન હતી આગળની, તે અમે તેમની સાથે શેર કરી અને ત્યાં તેમનો ખૂબ જ સારો રિસ્પોન્સ પણ મળી રહ્યો છે.ગવર્નમેન્ટે આગળ પણ ફોરવર્ડ કરી દીધું છે અને સતત તેમની સાથે અમારો સંપર્ક ચાલુ છે.ગુજરાત ગવર્નમેન્ટે જે ટોલ ફ્રી નંબર ૧૦૭૭ જારી કર્યો છે, તેના પર આ માહિતી શેર કરી દેવામાં આવી છે.ગાંધીનગર કલેક્ટરની ઓરથી પણ અમારો સંપર્ક કરવામાં આવ્યો.ત્યારબાદ જે પણ ઇન્ફોર્મેશન હતી આગળની, તે અમે તેમની સાથે શેર કરી અને ત્યાં તેમનો ખૂબ જ સારો રિસ્પોન્સ પણ મળી રહ્યો છે.ગવર્નમેન્ટે આગળ પણ ફોરવર્ડ કરી દીધું છે અને સતત તેમની સાથે અમારો સંપર્ક ચાલુ છે.)*

**ગાંધીનગર સ્થિત સ્ટેટ ઇમર્જન્સી ઓપરેશન સેન્ટર દ્વારા કાર્યરત હેલ્પલાઈન નંબરો દ્વારા લોકો સહાય મેળવી રહ્યા છે. કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલે સુરતમાં પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આ મામલે નેપાળની સરકાર સાથે સતત સંપર્કમાં છે.**

…………………………..

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગ્યે "મન કી બાત" કાર્યક્રમમાં લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. આકાશવાણી પરથી પ્રસારિત થતાં માસિક રેડિયો કાર્યક્રમની આ 137મી કડીમાં પ્રધાનમંત્રી દેશ વિદેશના લોકો સાથે પોતાના વિચારોનું આદાન પ્રદાન કરશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરાશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરાશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

# BHAVNAGAR – LEAQUR ARESST

ભાવનગરમાં લઠ્ઠાકાંડના કેસમાં દિલ્હીથી ત્રણ આરોપીને ઝડપી પડાયા છે. ઝેરી દારૂ બનાવવા દિલ્હીથી અમદાવાદ સુધી મિથેનોલ સપ્લાય કરનારા ત્રણ શખ્સને સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે દિલ્હીથી ઝડપી પાડયા છે. ત્રણેય આરોપીને ટ્રન્ઝિસ્ટ રિમાન્ડ મેળવી ભાવનગર લાવવામાં આવશે. એસએમસીની ૧૬ ટીમે આ કેસમાં દિલ્લી, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને ગુજરાતના જુદાં-જુદાં જિલ્લાઓમાં તપાસ હાથ હતી.જેમાં પોલીસને આ સફળતા મળી છે. આ સાથે અત્યાર સુધીમાં 31ની ધરપકડ કરવામાં આવી છે.

# PORBANDAR LCB AREEST

પોરબંદર સ્થાનિક ગુના શાખા- **LCB**એ 1 કરોડથી વધુના માદક દ્રવ્યના કેસમાં ફરાર આરોપીને ઝડપી પાડ્યો છે. બાતમીના આધારે આરોપી ખીમા કોડીયાતરને બાવળવાવ ગામ પાસેથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી. આ આરોપી પાસેથી અલગ-અલગ ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો મળી આવી હતી.જેની સામે ગત પહેલી જુલાઇએ ગુનો નોંધાયો હતો.

# UGC NET-RESULTS

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની રાષ્ટ્રીય પાત્રતા પરીક્ષા UGC નેટના 84 વિષયોના પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. રાષ્ટ્રીય પરીક્ષા એજન્સીએ જાહેરાત કરી છે કે આ વર્ષે જૂનમાં લેવાયેલી અંગ્રેજી, વાણિજ્ય અને સમાજશાસ્ત્રની પરીક્ષાઓ ફરીથી લેવામાં આવશે.

નિષ્ણાત સમિતિને પ્રશ્નપત્રોમાં તથ્ય, ટાઇપિંગ, અનુવાદ અને ભાષાની ભૂલો મળી આવ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. 16 ઓગસ્ટના રોજ સમાજશાસ્ત્ર, વાણિજ્ય અને અંગ્રેજી વિષયોની આન્સર કી જાહેર થયા બાદ જાહેરાત કરવામાં આવી હતી કે આ વર્ષે સપ્ટેમ્બરમાં ત્રણેય પરીક્ષાઓ ફરીથી લેવામાં આવશે. ફરીથી પરીક્ષાઓ 9 અને 10 સપ્ટેમ્બરના રોજ લેવામાં આવશે. ઉમેદવારોએ આ માટે કોઈ વધારાની ફી ચૂકવવાની રહેશે નહીં.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

# RAKSHABANDHAN DISTRICT

રાજયભરમાં ગઇકાલે રક્ષાબંધન અને નાળિયેરી પુર્ણિમાની ઉજવણી કરવામાં આવી. ભાઈ બહેનના પ્રેમના પવિત્ર પર્વની ઉજવણી દરમિયાન અનેક સ્થળોએ ભાવવિભોર દ્રશ્યો સર્જાયા હતા. ભાવનગર જિલ્લા જેલમાં 800 બંદીવાનોએ તેમની બહેનોએ રાખડી બાંધી રક્ષાબંધનની ભાવસભર ઉજવણી કરી હતી. જામનગરમાં પણ જેલમાં સજા ભોગવી રહેલા બંદીવાન ભાઈઓને તેમની બહેનોએ રાખડી બાંધી ત્યારે જેલ પરિસરમાં ભાવુક દૃશ્યો સર્જાયા હતા.

બોટાદ જિલ્લામાં 108 ઇમરજન્સી સેવા દ્વારા પવિત્ર રક્ષાબંધન પર્વની ઉત્સાહભેર ઉજવણી કરી આરોગ્ય સેવા સર્વોપરી હોવાની પ્રતીતિ કરાવી.પંચમહાલના ગોધરામાં બ્રહ્માકુમારીઝ અને લાયન્સ ક્લબના સંયુક્ત ઉપક્રમે 'દિવ્ય રક્ષાબંધન સ્નેહમિલન'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી. કેન્દ્ર શાસિત પ્રદેશ દમણમાં નારિયેળી પૂર્ણિમા મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બોટ રેસ અને હેલિકોપ્ટર રેસ્ક્યુ ડેમો મુખ્ય આકર્ષણ રહયા હતા. દિવમાં ખારવા સમાજ દ્વારા વાવટા પર્વની ઊજવણી કરાઈ. ગિરસોમનાથના ધામળેજ બંદર ખાતે ઘોઘલા ખારવા સમાજ દ્વારા પરંપરાગત શ્રદ્ધા અને ઉલ્લાસ સાથે સમુદ્ર પૂજન કરાયું હતું.

# SOMNATH SHRAVAN FESTIVAL

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ ખાતે 'શ્રાવણ ઉત્સવનો જિલ્લા પંચાયત પ્રમુખ દ્વારકાદાસ દોમડીયાએ પ્રારંભ કરાવ્યો છે. જિલ્લાની ગ્રામીણ મહિલાઓને સ્વરોજગારીની તક પૂરી પાડવા પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથના આંગણે આ ઉત્સવનું આયોજન કરાયું છે.

આ મેળામાં જિલ્લાના સ્વ-સહાય જૂથો દ્વારા ઉત્પાદિત હેન્ડીક્રાફ્ટ, હેન્ડલૂમ, પરંપરાગત વસ્ત્રો, ઘર સજાવટની વસ્તુઓ તેમજ અન્ય સ્થાનિક ઉત્પાદનોનું વેચાણ થાય તે મુજબની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ પ્રસંગે ગીર સોમનાથ જિલ્લાના ચાર સખી મંડળોને 49 લાખથી વધુની લોનના ચેક મહાનુભાવોના હસ્તે અર્પણ કરવામાં આવ્યા હતા. આ અંગે જિલ્લા પંચાયતના કારોબારી ચેરમેન મહેન્દ્ર પીઠિયાએ વધુ વિગતો આપી.

## (બાઇટ – મહેન્દ્ર પીઠિયા)

*(*

***સ્થળ અને સ્ટોલ:** શ્રાવણ ઉત્સવ નિમિત્તે અહીં આ વિસ્તારની અંદાજે ૨૦ સ્ટોલ છે.**જિલ્લાવાર વિગત:** આ ૨૦ સ્ટોલમાંથી ૭ સ્ટોલ બીજા જિલ્લાના છે અને ૧૩ સ્ટોલ ગીર સોમનાથ જિલ્લાના ગામડાની બહેનોના છે.**લાભ અને વિશેષતા:** દર્શનાર્થીઓ આનો લાભ લે છે અને આ વસ્તુઓ બહેનો દ્વારા ઘરે બનાવેલી, સારી અને ઓર્ગેનિક છે.**પ્રોત્સાહન:** જેનાથી બહેનો પણ પદ્ધર થાય છે અને વસ્તુઓ ખરીદનાર લોકોને પણ ઓર્ગેનિક વસ્તુઓ મળે છે.)*

# DWARKA DHAJHA CHHETARPINDI

**જગત મંદિર દ્વારકામાં ધજા ચડાવવા બાબતે છેતરપિંડી આચારનાર આરોપીને પોલીસે ઝડપી પાડયો છે. આં અંગે DYSP સાગર રાઠોડેએ વધુ માહિતી આપી**

**(BYTE - SAGAR RATHOD DYSP DWARKA)**

*(બે યજમાનોને છેતીને ખોટો દસ્તાવેજ બનાવીને તેમને ધ્વજા વેચેલી હતી.જે સંદર્ભે તેમને બંને યજમાનો પાસેથી રૂ. 51,000 અને રૂ. 51,000 મળીને કુલ રૂ. 1,02,000 પોતાના બેંક એકાઉન્ટમાં જમા લીધેલા હતા.નીલ યોગ્ય કલમો હેઠળ એક ગુનો દાખલ કરવામાં આવેલો છે.જે સબબ આરોપીની તુરંત જ ધરપકડ કરવામાં આવેલી છે.તેમજ આરોપીને હાલ રિમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરવામાં આવેલા છે.)*

# NATIONAL SPORTS DAY

આજે રાષ્ટ્રીય રમત દિવસની ઉજવણી કરવામાં આવશે. જે અંતર્ગત રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના હસ્તે વિવિધ રમતના 17 ઉભરતા અને પ્રતિભાશાળી ખેલાડીઓનું સન્માન કરાશે. આ પ્રસંગે રમતોમાં વિશેષ યોગદાન આપનાર બે દિગ્ગજોને ‘લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ’ એનાયત થશે.ઉલ્લેખનીય છે કે હોકીના દિગ્ગજ મેજર ધ્યાનચંદના જન્મદિનના સન્માનમાં દેશમાં દર વર્ષે 29 ઓગસ્ટે રાષ્ટ્રીય રમત દિવસની ઉજવણી કરવામાં આવે છે.

# TAPI – SEED BALL

તાપી જિલ્લાના ઉકાઇ તાલુકાના કાવલા ગામના પ્રકૃતિ પ્રેમી વિજેશ ગામીતે જંગલના 'ગુલાબજાંબુ' એટલે કે સીડ બોલ દ્વારા ધરતીને હરિયાળી બનાવવાનું બીડું ઝડપ્યું છે. ગાયનું છાણ, સેન્દ્રિય ખાતર અને માટીના મિશ્રણમાંથી બનેલા આ ગોળામાં દુર્લભ વનસ્પતિઓના બીજ છુપાયેલા હોય છે. અત્યાર સુધીમાં તેમણે લગભગ લખો સીડ બોલ તૈયાર કરીને ડાંગના ઉત્તર-દક્ષિણ રેન્જથી લઈને તાપીના સોનગઢ, સાદડવેલ, પદમડુંગરી અને ઉકાઈ જેવા વન વિસ્તારોમાં ફેંક્યા છે. તેમની આ નિઃસ્વાર્થ કાર્યની રાજ્ય સરકારે નોંધ લઈ દ્વારા તેમને અનેક એવોર્ડથી સન્માનિત કર્યા છે. આ અંગે કાવલા પ્રાથમિક શાળાના શિક્ષક અયુબ ગામીતે પ્રતિભાવ આપ્યો

## (બાઇટ – અયુબ ગામિત)

(પર્યાવરણ પ્રેમી વિજયભાઈ ગામ દ્વારા બાળકોને હંમેશ માટે વૃક્ષો અને પ્રકૃતિ વિશે શિક્ષણ આપવામાં આવે છે. તેઓ દર મહિનામાં એક વખત વિઝિટ મારે છે અને બાળકોને સીડ બોલનું વિતરણ કરે છે. તેમના દ્વારા જે વસ્તુઓનું શિક્ષણ આપવામાં આવે છે તે બાળકો અનુસરણ કરે છે અને પર્યાવરણના રક્ષણ માટે બાળકો શપથ લે છે.)

# DAMAN - HEALTH CAMP

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા-નગર હવેલી અને દમણ-દીવમાં 10 વર્ષ બેમિસાલ અંતર્ગત આરોગ્યલક્ષી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે

આ અંતર્ગત ત્રણેય જિલ્લામાં માતા અને શિશુ આરોગ્ય, સ્વૈચ્છિક રક્તદાન તેમજ બાળકોના નિયમિત આરોગ્ય તપાસ પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. વિવિધ આરોગ્ય કેન્દ્રો અને હોસ્પિટલોમાં નવજાત શિશુઓ માટે બેબી કિટ વિતરણ સમારોહનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. બેબી કિટમાં નવજાત શિશુની પ્રાથમિક સંભાળ માટે જરૂરી સામગ્રી આપવામાં આવી હતી. આરોગ્ય તપાસ શિબિરોમાં બાળકોની તપાસ, જરૂરી પરામર્શ, આરોગ્ય સંબંધિત સમસ્યાઓની સમયસર ઓળખ તેમજ યોગ્ય સારવાર અને આરોગ્ય સેવાઓ સાથે જોડવાનું કાર્ય કરવામાં આવી રહ્યું છે.